મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૨ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૨૮માં ગારબેજ કલેકશન સેન્ટરથી રહેવાસીઓ પરેશાન

જર્જરીત મકાનો અને દવાખાના સાથે સ્ટ્રીટ લાઈટના ઓછા પ્રકાશને લીધે થતી સમસ્યા

અમારા સેકટર અમારી સમસ્યા
સંકલન
મોનિકા ઠક્કર

ગાંધીનગર, તા.૫

અમારા સેકટરમાં ગારબેજ કલેકશન સેન્ટર આવેલું છે જેને લીધે દુર્ગંધ ફેલાય છે. જાહેર શૌચાલયનું મેન્ટનન્સ નથી, સરખી લાઈટનો અભાવ, જર્જરીત સરકારી મકાનોમાં થતો પાણીનો વ્યય જેવી સમસ્યાઓ દિન પ્રતિદિન ઘેરી થતી જાય છે. ઉપરોકત શબ્દો સે-૨૮ના રહેવાસીઓના છે. ગાંધીનગર સમાચારે સે-૨૮ ની મુલાકાત લેતા સેકટરની સમસ્યાઓ અંગે વસાહતીઓએ ભારે આકોશ ઠાલવ્યો હતો.

સે-૨૮ની મુખ્ય સમસ્યાઓમાં દુર્ગંધનો વ્યાપ વધારતું ગાંધીનગર મહાનગરપાલિકા

હેઠળનું મટીરીયલ રિકવરી ફેસીલીટર સેન્ટર, જાહેર શૌચાલય હોવા છતાં ન હોવા બરાબર છે સાથે જર્જરીત સરકારી હોસ્પિટલ, થાંભલાની લાઈટના ઓછા પ્રકાશને લીધે રાત્રિ દરમિયાન સર્જાતી સમસ્યા, ૭૦ ટકા સરકારી મકાન ખાલી હોવાને લીધે શોપીંગ સેન્ટરમાં ઘરાકીનો અભાવ,

જર્જરીત સરકારી મકાનોના પાણીના કનેકશનમાં નળ ન હોવાથી દરરોજ પાણીનો થતો વ્યય છે. સેકટરવાસીઓની આ દુર્ગંધ વધારતું ગારબેજ કલેકશન સેન્ટર (મટીરીયલ રિકવરી ફેસીલીટર સેન્ટર) દૂર કરવા તથા મેદાનમાં મોટી લાઈટ મુકવા માંગ છે. સેકટરવાસી ધર્મેન્દ્રભાઈ પટેલના જણાવ્યા અનુસાર અમને ઓરીજનલ ટાઉન પ્લાનીંગમાં બાલમંદિરની જગ્યાએ આ ગારબેજ કલેકશન સેન્ટર ઉભું કરાયું છે જે અમને અને સેકટરના બાળકોને થતો ઘોર અન્યાય છે. નાના બાળકો માટે સેકટરમાં બગીચો પણ નથી અને સેકટરના ફરતે કમ્પાઉન્ડ વોલ અધૂરી છે. જે પૂરી કરવામાં આવે સાથે પાણી અને ગટરલાઈનનું રીનોવેશન થાય તેવી અમારી માંગ છે. જણાવેલ તમામ સમસ્યાનો સામનો સે-૨૮ વાસીઓ કરી રહ્યા છે જેનો જલ્દીથી નિકાલ આવે તેવી તંત્ર પાસે તેમની માંગ છે.

● અમારા સે-૨૮માં સ્વચ્છ ભારત અંતર્ગત સ્વચ્છતાની છબી જોવા નહીં મળે. કચરો એકત્રિત કરવાના

સેન્ટરથી દુર્ગંધથી અમે કંટાળી ગયા છીએ. સેકટરનું શોપીંગ સેન્ટર જર્જરીત હાલતમાં છે. જો એ જમીનદોષ થઈ જશે તો કોણ જવાબદાર?

- ભરત પ્રજાપતિ

● સેકટર-૨૮ જુનામાં જુનુ છે. ગારબેજ સેન્ટરના લીધે સરકારી શાળા અને ધાર્મિક સંસ્થાઓને રોગ થવાનો ભય છે. વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા

નથી તે પૂરી કરવા અમારી માંગ છે. ગાર્ડન પણ નથી. સરકારી જર્જરીત મકાનોના પાઈપલાઈન લીકેજ છે અને પાણીનો પ્રવાહ વહેતો જાય છે જેના લીધે રોગચાળો ફેલાય છે. અમારું જુનું સેકટર હોવા છતાં સરકાર તરફથી ઓરમાયું વર્તન થઈ રહ્યું છે. ચૂંટાયેલી પાંખને સમસ્યાની ઘણીવાર રજુઆત કરી હોવા છતાં કોઈ પગલાં લેવાતા નથી.

- ડી.ટી. પટેલ

શોપિંગ સેન્ટર પૂરેપૂરૂ જર્જરીત હાલતમાં

હોળી દહનમાં ૫ હજાર મણ જલાઉ લાકડાનો ઉપયોગ થશે

હોળી નિમિત્તે સે-૧૭ સેલ ડેપો ખાતે લાકડાનું વિતરણ કરાશે

મણ દીઠ ૪૫ રૂપિયા ભાવે લાકડા ૭ થી ૯ માર્ચ દરમિયાન મેળવી શકાશે

ગાંધીનગર, તા.૫

હોળીનો તહેવાર નજીકના દિવસોમાં જ આવનાર છે ત્યારે શહેરમાં હોળી નિમિત્તેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સાથે પરંપરાગત હોળીના દિવસે હોળી પ્રગટાવવા વપરાતા લાકડાનું વિતરણ પણ તા. ૭ થી ૯ માર્ચ દરમિયાન સે-૧૭ના સેલ ડેપોમાં કરવામાં આવનાર છે.

હિંદુ સંસ્કૃતિનો પરંપરાગત તહેવાર હોળી જે નિમિત્તે શહેરના દરેક સેકટરમાં હોલિકા દહન વર્ષોથી થાય છે. હોલિકા દહનમાં વપરાતા લાકડા જે વનવિભાગ તરફથી દર વર્ષે અપાય છે તે માટે આ વર્ષે ૧૫ મણ લાકડા અપાશે. પ્રત્યેક એક મણ લાકડા દીઠ ૪૫ રૂપિયાનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે. હોળી નિમિત્તે તા. ૭, ૮ અને ૯ માર્ચ દરમિયાન સે-૧૭ના સેલ ડેપોમાં બપોરે ૧૨ વાગ્યા સુધી લાકડાનું વિતરણ કરવામાં આવશે. એક પણ લાકડા દીઠ ૪૫ રૂપિયા લેવામાં આવનાર છે. શહેરમાં દર વર્ષે અંદાજીત પાંચ હજાર મણ લાકડાનો હોળી દરમિયાન હોલિકાદહન માટે ઉપયોગ થાય છે. એક સેકટર દીઠ એક કે બેથી વધુ હોળી ન પ્રગટાવવા વનતંત્ર તથા ગાંધીનગરના નાયબ વનસંરક્ષક એસ.એન. ડામોર દ્વારા વિનંતી કરવામાં આવી છે.

કડી સર્વ વિદ્યાલય ખાતે લક્ષ સીઝન-૨ નો પ્રારંભ

ગાંધીનગર, તા.૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય આયોજીત શારીરિક, માનસિક અને બૌધ્ધિક ક્ષમતાનું પ્રદર્શન કરતી સ્પર્ધા લક્ષ સીઝન-૨ અંતર્ગત ૧૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન વિવિધ કોલેજમાંથી થયું હતું. જેમના ફિટનેસ કેમ્પનું આયોજન કરીને બેટરી ટેસ્ટ દ્વારા ૧૬૧ છોકરાઓ અને ૪૭ છોકરીઓની રાઉન્ડ-૧ પાટે પસંદગી કરવામાં આવી હતી. સે-૧૬ સ્થિત મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે આયોજીત રાઉન્ડ-૧માંથી ૩૫ છોકરાઓ અને ૨૫ છોકરીઓની ક્ષમતા મુજબ પસંદગી કરવામાં આવી હતી. રાઉન્ડ ગ્રામભારતી ખાતે યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ પોતાની શારીરિક, માનસિક અને બૌધ્ધિક દક્ષતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. જેમાંથી ૧૪ છોકરાઓ અને ૧૪ છોકરીઓની પસંદગી કરવામાં આવી હતી. આ યુવાઓ તેમની નિપુણતાનું આગામી ઉત્કૃષ્ઠ પ્રદર્શન ઉત્તરાખંડ સ્થિત બાસેથોલ ખાતે કરશે. આ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં ડિપાર્ટમેન્ટના ફીઝીકલ એજ્યુકેશન અને કુશળ સ્વયંસવકોનો ખાસ સહયોગ રહ્યો હતો. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર યુનિવર્સિટી તરફથી પસંદગી પામેલા તમામ યુવાઓને શુભેચ્છા પાઠવવામાં આવે છે.

આઈઆઈટીઈ સી-ટેટ અને નેટ (એજ્યુકેશન) માટે તાલીમ આપશે

ગાંધીનગર, તા. ૫

ભારતીય શિક્ષક પ્રશિક્ષક સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન-આઈઆઈટીઈ) દ્વારા ધોરણ-૧ થી ૪માં શિક્ષક બનવા માટે ફરજિયાત લાયકાત ગણાતી સેન્ટ્રલ ટીચર એલિજિબિલિટી ટેસ્ટ (સી-ટેટ) તથા અધ્યાપક બનવા માટેની નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (નેટ) વિશેષ તાલીમ આપશે. આગામી ૨૨ માર્ચથી ૩ મે દરમિયાન યોજાનારી આ તાલીમમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) સંલગ્ન સ્કૂલોમાં શિક્ષક બનવા માટે તાલીમ આપવામાં આવશે.

આ ઉપરાંત બી.એડ. તથા એમ.એડ. કોલેજમાં શિક્ષણ વિષયના આસિસ્ટંટ પ્રોફેસરના પદ માટે ફરજિયાત લાયકાત એજ્યુકેશન વિષય સાથે નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ (નેટ) પાસ કરવાની રહે છે. આઈઆઈટીઈ દ્વારા આ રાષ્ટ્રીય કક્ષાની આ પરીક્ષાઓ માટે સઘન તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરીક્ષાઓમાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારો માટે તા. ૨૨ માર્ચથી ૩ મે દરમિયાન સપ્તાહ અંતના દિવસો (શનિવાર અને રવિવાર)માં આ તાલીમના વર્ગોનું આયોજન થશે. આ બન્ને પરીક્ષાઓ માટે વિવિધ વિષયોના વિશેષજ્ઞો તાલીમ આપશે. આ તાલીમ વર્ગોમાં જોડાવા માટે આઈઆઈટીઈની બેવસાઈટ www.iite.ac.in પરથી વધુ વિગતો મેળવીને નોંધણી કરાવી શકાશે.

શનિવારે સે-૩-ડી જૈન દેરાસર ખાતે 'છ' ગાઉની ફેરીના ભવ્ય દર્શનનું આયોજન

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૩-ડીમાં જૈન દેરાસર ખાતે આગામી તા. ૭મી માર્ચ શનિવારના રોજ ફાગણ સુદ-૧૩ના દિવસે 'છ' ગાઉની ફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શ્રી શેત્રુંજય ગિરિરાજની ભવ્યતમ રચના તૈયાર કરવામાં આવી છે. ગાંધીનગરમાં જ છ ગાઉની ફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચૈતન્યવંદન કરતા ૫ ભાવુકો, જાપ તળેટી, હિંગળાજ માતાનો હડો, પદમાવતી માતાનું સ્થાન, હનુમાનજીનો હડો અને રામપોળની સરસ રચના કરવામાં આવી છે. આ સાથે 'છ' ગાઉની આબેહૂબતા સમાન દેવકીના છ પુત્રો, ઉલ્કાજળ, ચંદન તલાવડી, સિધ્ધશીલા, ભાડવાનો ડુંગર, સિધ્ધવડ, સુંદર રંગોળીઓ સાથે ભકિતભર્યા પાલોની સુવ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. આ યાત્રાને નિહાળવા તથા પાલની ભકિતનો લાભ આપવા શ્રી આદિશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

માણસાની મંડાલી ગામે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

એલસીબી પોલીસે ૪ આરોપીને પકડી પાડી, ૨૩ મોબાઈલ, લેપટોપ અને બાઈક સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના મંડાલી ગામે છ દિવસ પહેલા થયેલી ચોરીનો ભેદ ગાંધીનગર એલસીબી-૨ પોલીસે ઉકેલી નાંખ્યો છે. એલસીબી પોલીસે ૨૩ મોબાઈલ, લેપટોપ અને એક બાઈક મળીને કુલ રૂ.૩,૧૯,૪૬૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરીને ૪ આરોપીને દબોચી લીધા છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શનમાં પીએસઆઈ વી.કે.રાઠોડ માણસા પથંકમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે હે.કો.કેતનકુમાર અને કોન્સ્ટેબલ જયદિપસિંહને ચોરીના આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે એલસીબીએ બિલોદરામાં ખોડીયાર માતાના વાસમાં રહેતા સંધાજી બાસ્તાજી ઠાકોર, કરણજી સોમાજી ઠાકોર, નરેન્દ્રજી રજુજી ઠાકોર, તેમજ બાબુજી જીલુજી ઠાકોર, પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી પોલીસે વિવિધ કંપનીના બોકસ પેક ૨૩ મોબાઈલ, એક લેપટોપ, અને ત્રણ કવર મળ્યા હતા. આ તમામ સામાનના આધાર પુરાવા માંગતા તેઓ ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. તેઓ પાસે રહેલા જી.જે.૧૮-ડીડી.-૧૪૭૭ નંબરના બાઈખ પર સેન્ટીંગ કામના ઉપયોગમાં લેવામાં આવતો સળીયો મળી આવ્યો હતો. આરોપીઓની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેઓએ જણાવ્યું હતું કે આજથી પાંચ દિવસ પહેલા મંડાલી ગામે જુના જીઈબી કોમ્પ્લેક્ષમાં ગોપી ઈલેક્ટ્રોનીકસ એન્ડ મોબાઈલ નામની દુકાનમાંથી ચોરી કરી હતી. તેમાં તેઓએ સેન્ટીંગના સળીયાથી દિવાલમાં બાખોરુ પાડીને અંદર ગયા હતા અને ચોરી કરી પલાયન થઈ ગયા હતા. દુકાનમાંથી ચોરી કરેલા સામાન તેઓ વેચાણ માટે ફરી રહ્યા હતા તે સમયે પોલીસના હાથે પકડાઈ ગયા હતા.ચોરી અંગે માણસા પોસીસ મથકે ગુનો નોંધાયેલો હોવાથી પોલીસે આરોપીઓ સામે વધુ તપાસ હાથ ધરી છે.

શેરથા પાસેથી કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર નજીક આવેલા શેરથા નજીક કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મોટી સંખ્યામાં ઝડપાયો છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે મહેસાણા-અમદાવાદ હાઈ વે પર શરેથા કટ પાસે રાત્રે શંકાના આધારે એક કારને ઉભા રહેવા માટે ઈશારો કર્યો હતો. જેને પગલે જી.જે.૦૧. એચ.એલ.૬૯૩૫ નંબરની કારના ચાલકે કાર ઉભી રાખી ન હતી. જેથી પોલીસે પીછો કરીને કારને ઓવરટેક કરતા ચાલક કાર મુકીને ફરાર થઈ ગયો હતો. પોલીસે કારમાં તપાસ કરતા અંદરથી વિદેશી દારૂનો જથ્થો મોટીમાત્રામાં હતો.અડાલજ પોલીસે રૂ, ૧,૨૦,૪૮૦ની કિંમતનો ૨૫૨ બોટલો, ત્રણ લાખની કિંમતની કાર મળી કુલ ૪,૨૦, ૪૮૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે કાર નંબરના આધારે ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે અમદાવાદ પાર્સિંગની કારના ચાલક સુધી પહોંચવાની સાથે દારૂનો જથ્થો કયાંથી લાવવામાં આવ્યો હતો અને કયા લઈ જવાતો હતો તેની તપાસ હાથ ધરી છે.

સે-૨૮ જીઆઈડીસી ખાતેથી સે-૫ ખાતે રહેતા યુવકના બુલેટની ચોરી

ગાંધીનગર શહેરના સેકટર-૫ ખાતે રહેતો યુવક જતીન જયંતિભાઈ પટેલ સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે હ્યુન્ડાઈના શો રૂમમાં ફરજ બજાવે છે. તા. ૩ માર્ચના રોજ તે પોતાનું બુલેટ લઈને શો રૂમ ખાતે નોકરી પર ગયો હતો. જી.જે.૧૮.સી.કે.-૯૦૯૯ નંબરના બાઈકના ઈગ્નેશીયન બંધ કરીને ચાવી કાઢી લીધી હતી, અને સ્ટીયરીંગ લોક કરવાનું ભુલી ગયો હતો. સવારે ૧૦ વાગે શો રૂમમાં ગયેલો યુવક સાંજે સાડા સાત વાગ્યાના સુમારે બહાર આવ્યો હતો. ત્યારે જોયુ તો બુલેટ ગાયબ હતું. બે દિવસ પોતાની રીતે તપાસ કરી અને શોધખોળ કરી હતી. પરંતુ બુલેટ નહી મળી આવતા પોલીસે રૂ.૭૫ હજારના બુલેટ ચોરી અંગે ફરીયાદ લઈ સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરુ કરી છે.

સહયોગ સમાજ સેવા ટ્રસ્ટે બોર્ડના વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી

આજથી ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે. આ પ્રસંગે સહયોગ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા શહેરના વિવિધ પરીક્ષા કેન્દ્રો પર

પ્રવેશદ્વારે ઉભા રહી વિદ્યાર્થીઓને બોલપેન આપી શુભેચ્છા પાઠવવાનો ઉપક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ માટે સંસ્થા દ્વારા જુદી જુદી ૧૨ ટીમો બનાવાઈ હતી. જેમાં ગાંધીનગર વસાહત મહાસંઘના મહામંત્રી તથા રાજકીય અગ્રણી હિમાંશુ ભચેચ તથા સંસ્થાના નીતા ભચેચ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સેકટર-૩ ન્યુના અગ્રણીઓ જયેશભાઈ અગજા, ડૉ. એચ.ટી. પરમાર, આર.કે., રજનીભાઈ પંડયા, રામજીભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રવિવારે અંતિમધામ ખાતે અસ્થિકુંભની વિદાય અર્થે પ્રાર્થના

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા અનેક સેવા કાર્યો થતા રહે છે. જે અંતર્ગત સંસ્થાના પ્રમુખ અરૂણ બુચના વડપણ હેઠળ વર્ષ ૧૯૯૬થી નિઃશુલ્ક અસ્થિ વિસર્જન સેવા ચાલી રહી છે. જે અંતર્ગત તા. ૮ માર્ચના રોજ ગાંધીનગર સ્થિત અંતિમધામ ખાતે રાખવામાં આવેલ અસ્થિકુંભ લઈ શહેર વસાહત મંડળના નિઃસ્વાર્થ સેવક શશીકાંત મોઢા અને મુકેશ શુકલ હરિદ્વાર જશે અને તા. ૧૦ માર્ચના રોજ સવારે ૭ થી ૧૦.૩૦ દરમિયાન આ અસ્થિઓનું વિસર્જન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ વિસર્જન તા. ૮ ડિસેમ્બર ૨૦૧૯થી ૭ માર્ચ ૨૦૨૦ દરમિયાન અવસાન પામેલા દહેગામ, અંતિમધામ સરગાસણ ખાતેથી એકત્રિત થયેલ અસ્થિનું કરવામાં આવશે. આ અસ્થિકુંભની વિદાય અને સદગતોના આત્માઓના માનમાં તા. ૮ માર્ચના રોજ સવારે ૯.૧૫ થી ૧૦ કલાક દરમિયાન પ્રાર્થના કરવાનું આયોજન ગાંધીનગરના સે-૩૦ સ્થિત અંતિમધામ ખાતે રાખવામાં આવ્યું છે. નગરજનોને જેમાં ઉપસ્થિત રહેવા સંસ્થા દ્વારા જણાવાયું છે જે ઉપસ્થિત ન રહી શકે તેઓ સવારે ૧૦ વાગ્યે ગાંધીનગરના રેલવેસ્ટેશન ખાતે અસ્થિકુંભની વિદાય દરમિયાન ઉપસ્થિત રહી શકે છે તેમ સંસ્થાના પ્રમુખ અરૂણ બુચ દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર આઈટી એસોસિએશનની જગદીશ દૂધાતની ટીમ દ્વારા પાટનગર આવી પહોંચેલી ફેડરેશન આઈટી એસોસિએશન ઓફ ગુજરાતીની 'ફિટાગ યાત્રા-૨'ના સ્વાગત સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એફએઆઈઆઈટીએના પ્રમુખ કૌશિકભાઈ પંડયા તથા ફિટાગના પ્રમુખ પ્રફુલ દેસાઈની ટીમ પણ ઉપસ્થિત રહી હતી. ફિટાગ યાત્રા-૨ના હાઈકવિઝન અને એન્જય આઈટી સોલ્યુશન ઈવેન્ટ પાર્ટનર હતા જે બંને કંપનીઓએ સભ્યોને આવનારી ટેકનોલોજી અંગે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે કોર્પોરેટ મેન્ટર નંદકભાઈ પંડયાએ 'સ્વ સાથે સંવાદ' વિષયે પ્રેરણાત્મક વકતવ્ય આપી સભ્યોને ઉત્સાહિત કર્યા હતા.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧

બાગી-૩
૮.૩૫, ૧૦.૦૫, ૧૧.૦૦, ૧૧.૪૫, ૧.૧૫, ૨.૧૦, ૨.૫૫, ૪.૨૫, ૫.૨૦, ૬.૦૫, ૭.૩૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૪૫

થપ્પડ
૪.૩૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૨.૨૦, ૫.૨૫, ૭.૩૦, ૧૦.૩૦

શુભ મંગલ ઝયાદા સાવધાન
૧૦.૧૫

ભૂત પાર્ટ વન : ધ હોન્ટેડ શીપ
૧૧.૦૫

મલંગ
૧.૪૦

આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬

બાગી-૩
૯.૦૫, ૯.૩૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૧૫, ૧૨.૪૫, ૧.૫૫, ૨.૫૫, ૩.૫૫, ૫.૦૫, ૬.૦૫, ૭.૦૫, ૮.૧૫, ૯.૧૫, ૯.૪૫, ૧૦.૧૫

થપ્પડ
૬.૩૫

ગોળ કેરી (ગુજરાતી)
૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

તાન્હાજી
૩.૧૫

પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧

બાગી-૩
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૧૫, ૧૨.૧૫, ૧.૧૫, ૨.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

ગોળ કેરી (ગુજરાતી)
૧૦.૩૦, ૪.૦૦, ૯.૪૫

શુભ મંગલ ઝયાદા સાવધાન
૧.૧૫

થપ્પડ
૬.૪૫

'કોરોના' અંગે જનજાગૃતિ ફેલાવવા માહિતીસભર સંવાદનું આયોજન

ગાંધીનગર, તા.૫

વિશ્વભરમાં 'કોરોના' વાઈરસે કહેર મચાવવા સાથે દહેશતનો માહોલ ખડો કર્યો છે. આ સ્થિતિમાં નાગરિકોને કોરોના વાઈરસ અંગે સાચી માહિતી પ્રાપ્ત થાય અને તેના વિશે ફેલાયેલી ગેરમાન્યતાઓ દૂર થાય તે માટે ગુજરાત સાયન્સ સિટી ખાતે આગામી તા. ૧૨મા માર્ચના રોજ માહિતીસભર સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચેપી રોગોના નિષ્ણાંત ડૉ.સુરભિ મદન કોરોના વાઈરસ અંગે માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમ જાહેર જનતા માટે ખુલ્લો આયોજિત કરવામાં આવ્યો છે જેથી વધુમાં વધુ નાગરિકો કોરોના વાઈરસ અંગે માહિતગાર થઈ શકે તેનો લાભ લેવા ગુજરાત સાયન્સ સિટી દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. પરબતજી અભરાજી મકવાણા, ઉ.વ. ૫૧
- સ્વ. ઠાકોર ફુલીબેન પુંજાજી, ઉ.વ. ૬૪
- સ્વ. જીતાબા બાલુસિંહ પરમાર, ઉ.વ. ૯૨